# ગાંધીનગર એસ ટી ડેપોમાં વોટર કુલર બંધ

### મુસાફરોને આકરી ગરમીમાં પાણી પણ નસીબ થતુ નથી : એસ ટી ડેપોમાં સલામતીની સાથે માનવતાનો અભિગમ પણ વિસરાયો

ગાંધીનગર તા ૧૩

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલુ છે. એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ છે. જયારે એસ ટી ડેપોમાં મુસાફરોલક્ષી સુવિધાઓનો પણ અભાવ છે. આવા સંજોગોમાં આકરી ગરમીના દિવસોમાં અપડાઉનકર્તાઓને ડેપો સંકુલમાં પીવાનુ ઠંડુ પાણી પણ નસીબ થતુ નથી. ડેપોનુ કુલર પણ બંધ હાલતમાં છે. જેના લીધે મુસાફરોને ગરમીના દિવસોમાં હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ધોમધખતા ઉનાળે આમ નાગરિકો માટે સેવાભાવી સંસ્થાઓ ઠેર ઠેર પરબ શરૂ કરે છે. ત્યારે ડેપો જેવી જાહેર જગ્યાએ પીવાના પાણીની પણ વ્યવસ્થા ન હોવાથી સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સુવિધાઓના અભાવ વચ્ચે મસાફરો રોજબરોજ નતનવી દુવિધાઓનો ભોગ બને છે. એસ ટી ડેપોમાં છેલ્લા ઘણાં સમયથી પોલીસ ચોકીના અભાવે રોજબરોજ પીક પોકેટીંગ તેમજ ચેઈન સ્નેચીંગ જેવા ગુન્હાઓ પણ પ્રકાશમાં આવે છે. જયારે મુસાફરોની સલામતીના નામે ડેપો સંકુલમાં મીંડુ ચિતરાયેલુ છે. ત્યારે ડેપોમાં આવતા મુસાફરોને પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ થતી નથી. ડેપો સંકુલમાં સફાઈ વ્યવસ્થા પણ નિયમિત રીતે ગોઠવાયેલી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪માં સીસીરોડ પર વરસાદી પાણીનો ભરાવો દુર કરવા માંગ

ગાંધીનગર તા ૧૩

શહેરના સે-૨૪ માં દાયકાઓના અંતે સી સી રોડનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જો કે સી સી રોડની કામગીરી દરમિયાન યોગ્ય સમથળતા ન જળવાતા ચોમાસા દરમિયાન માર્ગ પર વરસાદી પાણીનો ભરાવો થતા રહીશો માટે અનેકવિધ સમસ્યાઓ સર્જાય છે. ત્યારે આ માર્ગ પર પાણી ન ભરાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે સ્થાનિકોએ રજુઆત કરી છે.

શહેરના સે-૨૪ માં દાયકાઓના અંતે સી સી રોડનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જો કે આ કામગીરી પુર્ણ થયા બાદ બે વર્ષથી સોસાયટીના માર્ગો પર પાણી ભરાઈ જતા હોવાની અનેક ફરિયાદો સ્થાનિકોમાં ઉઠવા પામી છે. જયારે આ મામલે અગાઉ પણ સ્થાનિકો દ્વારા તંત્ર સમક્ષ યોગ્ય પગલા લેવા માટે રજુઆત કરવામાં આવી હતી. સ્થાનિકોના જણાંવ્યા મુજબ ચોમાસા દરમિયાન સેકટરના માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થાય છે. જેના લીધે મચ્છરોની ઉત્તપિના લીધે રોગચાળાનો ખતરો પ્રબળ બને છે.

સેકટરમાં સોસાયટીમાં ઘર આંગણે જ પાણી ભરાતા રહીશોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે માર્ગ સુધારણા દરમિયાન રસ્તાઓનુ લેવલીંગ ન જળવાયુ હોવાના લીધે આ સમસ્યા ઉદભવી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે સેકટરમાં દાયકાના અંતે લાઈટ તેમજ સી સી રોડનુ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ માર્ગોનુ લેવલીંગ ન જળવાતા સી સી રોડ પર વરસાદી પાણી ભરાય છે. જયારે આ મામલે ત્વરિત અસરથી ચોમાસા પુર્વે સ્થાનિકોની આ સમસ્યાને ધ્યાને લઈ માર્ગનુ યોગ્ય લેવલીંગ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગરથી જામજોધપુરની ખાસ એસટી બસ શરૂ કરાઈ

### રાત્રિના ૯ કલાકે જામજોધપુરની બસ ઉપડશે વાયા રાજકોટ અને કાલાવાડ રૂટમાં દોડશે

ગાંધીનગર તા ૧૩

એસ ટી ડેપાથી હવે જામજોધપુર જવા માટે ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી છે. રોજ રાત્રે ૯ કલાકે જામજોધપુર માટે મુસાફરોન બસ મળી રહેશે. જેના લીધે સૌરાષ્ટ્રના રૂટમાં જતા મુસાફરોને યોગ્ય બસસેવાનો લાભ મળી રહેશે આ બસે વાયા રાજકોટ કાલાવાડ રૂટમાં દોડશે

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી અગાઉ રાજકોટ રૂટની વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જયારે થોડા સમય સુધી આ બસ સેવા કાર્યરત રહ્યા બાદ આ વોલ્વો બસ ડેપો દ્વારા બંધ કરી દેવામાં આવી હતી. રાજકોટ રૂટમાં યોગ્ય ટ્રાફિક ન મળતા બસ સેવા બંધ કરી દેવામાં આવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે રાજકોટ રૂટની બસ બંધ કરી દેવાયા બાદ આ રૂટમાં ગુર્જર નગરી તેમજ અન્ય બસ સેવા શરૂ કરવા માટે પણ મુસાફરોમાં માંગ ઉઠવા પામી હતી. પરંતુ હજુ સુધી રાજકોટની બસ સેવા શરૂ થઈ નથી. પરંતુ જામજોધપુરની આ રૂટની બસ વાયા રાજકોટ કાલાવાડ થઈને દોડતા મુસાફરોને ઉપયોગી બનશે. જયારે એસ ટી ડેપોમાંથી રોજ સાંજે જામજોધપુર રૂટમાં ખાસ બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. ડેપો કક્ષાએથી ગોઠવાયેલા શહેરી બસ સેવાના રૂટને પણ અપગ્રેડ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે ગાંધીનગરમાં અનેકવિધ સરકારી કચેરી હોવાના લીધે આવનારા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોવાથી બહારગામના

● અનુસંધાન પાન-૭ પર


**માહી કોમર્સ ઝોન**
ધો.૧૧/૧૨ GUJ/Eng Med.
C.A.,C.S, C.M.A.
GSEB/CBSE Board
DASHARTH SIR - M. 99091 58901
Branch : Sec-2, 5, 24, Gandhinagar
16 April થી ધો.12 ની બેચ શરૂ
Admission Open



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




અગ્નિશામક દિવસ - આજે દેશભરમાં અગ્નિશામક દિવસની ઉજવણી થશે... નગરો અને મહાનગરોમાં ફાયર બ્રિગેડ સ્ટેશન પર વાહનો અને યંત્રોનું નિદર્શન યોજાશે... સાથોસાથ બહુમાળી મકાનો, સંકુલો અને જાહેર સ્થળો પર અગ્નિશામક સાધનોની અનિવાર્યતા ઉપર જાગૃતિ લાવવાના કાર્યક્રમો યોજાશે... હજુ પણ સરકારી તંત્રના આંખ આડા કાનને કારણે પર્યાપ્ત અગ્નિશામક ઉપકરણો નથી મુકાયા.... તંત્રએ લાલ આંખ કરવાની જરૂર છે... અને સમાજે પણ અનિવાર્યતાને સમજી જાગૃતિ લાવવાની આવશ્યકતા છે...

# જમીન વિકાસ નિગમના મેનેજીંગ ડાયરેક્ટર સહિત પાંચ સામે ગુનો દાખલ


### નિગમના પાંચેય અધિકારીના મકાનોમાં એસીબીની વિવિધ ટીમોએ દિવસભર હાથ ધર્યુ સર્ચ ઓપરેશન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૦ ખાતે બલરામભવનમાં આવેલી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.માં ગઈ સાંજે એસીબીની ગાંધીનગર અમદાવાદની ટીમોએ સર્ચ ઓપરેશન શરૂ કરી રૂ. ૫૬.૫૦ લાખ કેશ કચેરીમાંથી પકડી પાડી હતી. એસીબીની વિવિધ ટીમોએ પકડાયેલા અધિકારીઓ, કર્મચારીઓના મકાનમાં દિવસભર સર્ચ ઓપરેશન હાથ ધરી બેનામી મિલ્કતો બહાર લાવવા તજવીજ કરી હતી. આજે મોડી સાંજે નિગમના મેનેજીંગ ડાયરેક્ટર અને જોઈન્ટ ડાયરેક્ટર સહિત પાંચ અધિકારી કર્મચારીઓ સામે એસીબીએ ગુનો દાખલ કરી કડક ઈન્ટ્રોગેશન શરૂ કર્યું હતું.

એસીબીએ જમીન વિકાસ નિગમમાં દરોડો પાડી કરેલી સર્ચ દરમ્યાન નિગમના મેનેજીંગ ડાયરેક્ટર ડૉ. કે.એસ. દેત્રોજા પાસેથી રૂ. ૧.૨૮ લાખ રોકડ તથા એક સોનાના પેન્ડલ સાથેની બુટ્ટી રૂ. ૩૦ હજાર પાંચસો ચોર્યાસીના બીલ સાથેની મળી આવેલ છે. નિગમના જોઈન્ટ ડાયરેક્ટર કે.સી. પરમાર પાસેથી રૂ. ૪૦૫૨૫૦૦ બીન હિસાબી રકમ મળી આવી હતી. મદદનીશ નિયામક એમ.કે. દેસાઈ પાસેથી રૂ. ૯ લાખ બિન હિસાબી રકમ મળી આવી હતી. ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ. વાઘેલા પાસેથી પાંચ લાખ અને કંપની સેક્રેટરી એસ.વી. શાહ પાસેથી ૭૦ હજાર બિન હિસાબી રકમ મળી આવી હતી. આમ નિગમમાંથી પકડાયેલા પાંચ અધિકારી કર્મચારી પાસેથી રૂ. ૫૬૫૦૫૦૦ એસીબીએ જપ્ત કરી તેમની પૂછપરછ શરૂ કરી હતી. દિવસભર તેમના મકાનોમાં અલગ અલગ ટીમોએ ઝળસી તપાસ કરી હતી. જેમાં મેનેજીંગ ડાયરેક્ટર દેત્રોજાના મકાનમાં આશરે ૨૦ લાખનું રાચરચીલુ ફર્નીચર, જોઈન્ટ ડાયરેક્ટર કે.સી. પરમારના મકાનમાં રૂ. ૧૧.૪૦ લાખનું ફર્નિચર અને અન્ય ત્રણ પકડાયેલા શખ્સોના મકાનમાં છ થી આઠ લાખ ફર્નિચર મુક્યુ હોવાનું બહાર આવ્યુ છે. એસીબીએ તમામની મિલકતો અને બેંક ખાતાઓ સહિતની વિગતો બહાર લાવવા તપાસ શરૂ કરી છે.





# જિલ્લામાં ૨૪મીએ ખાસ ગ્રામસભાઓ યોજાશે

### પંચાયતી રાજ દિવસની ઉજવણી માટે આ વિશેષ ગ્રામસભા : બાલ ગ્રામસભાનું આયોજન પણ આ દિવસે તેવી પણ હાથ ધરાયેલ વિચારણા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં પંચાયતી રાજની ઉજવણીના ભાગરૂપે ૨૪મી એપ્રિલે બાલ ગ્રામસભાનું આયોજન કરવા માટેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ બાલ ગ્રામસભા પહેલાં બાળ ગ્રામસભાનું આયોજન કરવા માટેનું પણ આયોજન પણ તંત્ર દ્વારા વિચારણામાં લેવાયુ હોવાનું જાણવા મળેલ છે. આ ગ્રામસભા પૂર્વે સ્વચ્છતા અભિયાન, બાળ રમતોત્સવ તેમજ પ્રભાતફેરી જેવા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે.

આ બાલ ગ્રામસભામાં જિલ્લાના અધિકારીઓ ખાસ હાજરી આપશે. આ ગ્રામસભામાં વિકાસના કામો ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજવલ્લા યોજના, ૧૪મા નાણાં પંચમાંથી હાથ ધરવાના કામો તેની નિયત સમય મર્યાદામાં જ પૂર્ણ થાય તેવા વિષયો પર ચર્ચાઓ થશે.

મળતી વિગતો પ્રમાણે આ બાલ ગ્રામસભામાં મેઘધનુષ્ય યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના તેમજ 'જળ બચાવો' અભિયાનને લઈ પણ ચર્ચાઓ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ બાલ ગ્રામસભાના આયોજનને લઈ હાલ કવાયત હાથ ધરવામાં આવેલ છે અને તે એકાદ બે દિવસમાં આખરી થઈ જશે તેમ જાણવા મળેલ છે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુંટણીમાં કરણસિંહ વાઘેલાનો ૬ઠ્ઠા ક્રમે વિજય

ગાંધીનગર તા ૧૩

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત -૨૦૧૮ની ચુંટણીમાં



ગાંધીનગરના એડવોકેટ કરણસિંહ વાઘેલાએ ૬ નંબરના ક્રમે ભવ્ય વિજય મેળવ્યો છે. અગાઉ ગત ટર્મમાં પણ કરણસિંહ વાઘેલાએ વિજય મેળવ્યો હતો. તેમને ગાંધીનગરના વકીલો તેમજ અગ્રણીઓ શુભેચ્છા પાઠવી છે. ગાંધીનગર બાર એસોસિએશનના શંકરસિંહ ગોહીલ પણ વિજયના ઉમેદવાર હોવાનુ મનાય છે.

બાર કાઉન્સિકલ ઓફ ગુજરાતની દર પાંચ વર્ષે ચુંટણી યોજવામાં આવે છે. જયારે આ ચુંટણીને અનુલક્ષી ૫૦ હજાર વકીલ મતદારો નોંધાયેલા છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુંટણીમાં રાજયના ૨૫૦ બાર એસોસિએશનમાંથી વકીલોના મત માટે ઉમેદવારો જિલ્લા તાલુકાએ સંપર્ક કરે છે. ૨૫ સભ્યોની આ ચુંટણી અન્વયે ૯૯ વકીલોએ ઉમેદવારી નોંધાવી હતી.ગત તા ૨૮ માર્ચે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પ્રેફરન્સ મતદાનની પધ્ધતિ અન્વયે મતદાનની પ્રક્રીયા પુર્ણ થયા બાદ ગાંધીનગર બાર એસોસિએશનના કરણસિંહ વાઘેલાને વિજયી જાહેર કરાયા છે. કરણસિંહ વાઘેલાનો ૬ ઠ્ઠા ક્રમે વિજય થયો છે.કરણસિંહ વાઘેલાએ સમરસ પેનલમાંથી ઉમેદવારી નોંધાવી હતી. જે જે પટેલ કન્વીનરની આગેવાની હેઠળ આ સમગ્ર પેનલનો વિજય થયો છે. કરણસિંહ વાઘેલા ગત ટર્મની ચુંટણી દરમિયાન પણ ચુંટાયા હતા.

# જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ વધતાં પર્યાવરણ પ્રેમીઓમાં રોષની લાગણી



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં હવે જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ વધી રહી છે અને મનપાનું તંત્ર સફાઈની કામગીરીમાં ઉણુ ઉતરતાં પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતાની લાગણી વ્યાપી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં સેક્ટરોની આંતરિક સફાઈ માટે મનપા દ્વારા બજેટમાં વાતો કરાઈ છે પરંતુ તેનુ ટેન્ડરીંગ હજુ થયુ નથી. બીજી તરફ કચરાના ડોર ટુ ડોર કલેક્શન સિવાય આંતરિક સફાઈની વ્યવસ્થા હજુ મનપા દ્વારા કરાઈ નથી ત્યારે વસાહતીઓ દ્વારા જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ વધવા પામી છે.

સુકા પાંદડા અને વન વિભાગના ફેન્સીંગ કરેલા વિસ્તારમાં પણ સફાઈ થતી નથી. રાત્રિના સમયે અને વહેલી સવારે લોકો દ્વારા કચરો સળગાવવામાં આવતો હોય છે. જેથી પર્યાવરણને ભારે નુકશાન થતુ હોય છે.

શહેરમાં ઝડપથી મનપા આંતરિક સફાઈ માટેની વ્યવસ્થા ઉભી કરે તેવી લોકોની માંગ તીવ્ર બની છે.

શહેરના જાહેર માર્ગો પર મુકાયેલા ડસ્ટબીન તેમજ કચરાપેટીઓની પણ સફાઈ નિયમિત થાય તે માટેની પણ માંગ શહેરીજનો દ્વારા કરવામાં આવી રહી છે.

શહેરમાં મનપા પાસે કચરાના નિકાલ માટે લેન્ડફિલ્ડ સાઈટ પણ નથી. આ મુદ્દો હજુ ફાઈલોમાં અટવાયેલો છે અને શહેરમાં રોજનો સરેરાશ ૧૩૫ ટન જેટલો ઘન કચરો પેદા થતો હોય છે. વિવિધ સેક્ટરોમાં સમયાંતરે સેક્ટરોની આંતરિક સફાઈનું અભિયાન કરવામાં આવે છે પરંતુ કાયમી નિકાલ માટેની વ્યવસ્થા ઝડપથી થાય તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

# રાજ્યભરમાં એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના લાગૂ કરાઈ

### રાજ્યના હજારો યુવાનોને રોજગારીની તક મળશે ઇન્ટર્નશીપને પણ યોજનામાં આવરી લેવાની તૈયારી કરાઈ

ગાંધીનગર,તા. ૧૩

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ રાજયભરમાં મુખ્યમંત્રી એપ્રિન્ટસશીપ તાલીમ યોજના લાગુ કરવામાં આવી છે, જેને પગલે હવે રાજયના હજારો યુવાઓને રોજગારીનો માર્ગ મોકળો બન્યો છે. ભારત સરકાર દ્વારા એપ્રેન્ટિસશીપ તાલીમને પ્રમોટ કરવા માટે નેશનલ એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના લાગુ કરવામાં આવી, જે અંતર્ગત ગુજરાત સરકારે પણ રાજયમાં તેની અમલવારી શરૂ કરી છે. ગુજરાત સરકારના આ હકારાત્મક અને રચનાત્મક પ્રયાસને વધુ અસરકારક અને કારગત બનાવવાના હેતુથી ગુજરાત ટુરીઝમ દ્વારા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે એપ્રેન્ટિસશીપ તાલીમ યોજનાનો બહુ ઉપયોગી અને માર્ગદર્શક વર્કશોપ યોજાયો હતો. જેમાં ખૂબ મોટી સંખ્યામાં સ્ટેકહોલ્ડર્સ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રવાસન નિગમના પ્રિન્સીપાલ સેક્રેટરી એસ.જે.હૈદર અને મેનેજિંગ ડિરેકટર જેનું દેવને જણાવ્યું હતું કે, વિશ્વમાં ઉભી થતી ૧૧ રોજગારીની તકો પૈકી એક રોજગારીની તક પ્રવાસન ઉદ્યોગ થકી છે, જે દેશના જીડીપીમાં પણ બહોળો ફાળો ધરાવે છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ તાલીમ યોજનાને સાચા અર્થમાં સફળ બનાવવા ગુજરાત ટુરીઝમ કટિબધ્ધ છે. ગુજરાત પ્રવાસન હંમેશાથી સેમીસ્કીલ્ડ યુવાનોને ઈન્ટર્નશીપ આપતું જ રહ્યું છે અને હવે તે ઈન્ટર્નશીપ પ્રોગ્રામને મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના અંતર્ગત આવરી લેવાશે, જેથી મહત્તમ યુવાઓ સુધી રોજગારીનો લાભ પહોંચી શકે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રવાસન ઉદ્યોગ એ એક સવાનો ઉદ્યોગ છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત પ્રવાસન અને હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝના મહત્તમ સંખ્યામાં લાભાર્થીઓને આવરી લેવાશે.

ટુરીઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં કુશળ તાલીમ પણ એક મહત્વનો ભાગ છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ તાલીમ યોજનામાં રાજયના મહત્તમ યુવાઓને રોજગારીનો લાભ મળે અને તેઓ કૌશલ્યપૂર્ણ તાલીમ મેળવે તે માટે ગુજરાત પ્રવાસન વિભાગ ભગીરથ પ્રયાસો હાથ ધરશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com